|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakwashi Jain Mahasangh, Mumbai

સંચાલિત :

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**તા. ૦૭-૦૮-૨૦૧૬** • સમયઃ બપોરે ૨.૦૦ થી ૫.૩૦ • **શ્રેણી : ૨૦** • ગુણ : ૧૦૦

**( Dharmik Shikshan Board Certificate Course Level : 20 )**

**પ્રશ્ન - ૧ : સામાયિક પ્રતિક્રમણને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૧૦

(ક) (૧) મનના ૧૦ દોષમાંથી પ્રથમના બે, વચનના દોષમાંથી છેલ્લા બે લખો. (૨)

(૨) પયાસયરા, પણગ, પંચણહ, પવજ્જામિ, પડિપુન્નં એ પાંચના અર્થ લખીને કયા પાઠમાં આવે છે તે લખો. (૫)

(૩) નીચેના વાક્યો કયા અતિચાર માટે બંધબેસતા છે તે લખો :

૧) સાસુજી વડા ખાય છે ને બદલે સાસુ જીવડા ખાય છે એમ બોલ્યાં હોય. (૩)
૨) વૃદ્ધ અશક્ત સાસુ પાસેથી ત્રણ બાલ્દી ભરીને કપડાં ધોવડાવ્યા હોય. ૩) સામાયિકમાં બેઠા બેઠા સાસુની ભરપેટ નિંદા કરી હોય. ૪) સાસુની ગુપ્ત વાતો પાડોશીને કહી હોય ૫) સાસુની હાંસી ઉડાવી હોય ૬) સાસુએ સંથારામાં દેવ સંબંધી કામભોગ ભોગવવાની ઇચ્છા કરી હોય.

ખ) કર્મગ્રંથ -૨ના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) ૧૦

૧) પ્રદેશોદય એટલે શું ? ૨) ઉદય વિચ્છેદ એટલે શું ? દૃષ્ટાંત સાથે લખો.
૩) પહેલા ગુણસ્થાને અંતરાય કર્મની કઈ કઈ પ્રકૃતિનો ઉદય હોય ? ૪) વીતરાગીને જ્ઞાનાવરણીય કર્મની કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો ઉદય હોય ? ૫) અસંખ્યાતા વર્ષવાળા શ્રાવક સમકિતી મનુષ્યને કેટલા અને કયા કયા સંઘયણ અને શરીરનો ઉદય હોય ? ૬) પેપર લખનાર શ્રાવક-શ્રાવિકા હસવું અને નિંદ્રા આવે ? આવે તો તમને કેટલા ગુણસ્થાનક સુધી આવે ?

**પ્રશ્ન - ૨ : આચરાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૫

(૧) મોક્ષ શેની મુખ્યતાથી થાય ? (૨) પ્રાણીઓ માટે શું કઠિન છે ? (૩) સત્ય શું છે ? તેમાં શું કરવું યોગ્ય નથી? (૪) **'आणाए मामगं धम्मं'** એટલે શું ? (૫) શેમાં અનાસક્ત રહેવાનું છે?

**પ્રશ્ન - ૩ : ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ પાંચ)** ૧૦

(૧) કેવળી ભગવાન પરિષહ આવે તો શું કરે ? એનો પ્રથમ બોલ લખો.
(૨) દંડ કેટલા છે ? કયા કયા? કોઈ પણ બે દંડ સમજાવો.
(૩) કેટલા કારણે સૂતા માનવો જાગે ?
(૪) વાયુના પ્રકાર લખો.
(૫) સૂત્રની વાંચના શા માટે આપવાની છે ?
(૬) સૂત્ર શીખવાના કારણ કયા કયા ?

**પ્રશ્ન - ૪ : જ્ઞાતાધર્મકથાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ પાંચ)** ૧૦

(૧) ધન્ય સાર્થવાહ કેવા પ્રકારના માલ ભરીને વેચવા નીકળ્યા ?
(૨) ધન્ય સાર્થવાહે કયા દેશની સીમા પર શેની ઉદ્‌ઘોષણા કરાવી ?
(૩) નંદીવૃક્ષના ફળ ખાવાથી શું અસર થઈ ?
(૪) ધન્ય સાર્થવાહ, કઈ નગરીના કયા રાજા પાસે કેવી રીતે ગયા ? શું કર્યું ?
(૫) નંદી ફળના દૃષ્ટાંતથી ભગવાને શ્રમણોને શું બોધ આપ્યો ?
(૬) ત્રણથી ચાર લીટીમાં ઉપસંહાર લખો.

(પાછળ જુઓ)

## અથવા ૧૦

**'સુંસુમા'ના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)**

(૧) સુંસુમા કોણ હતી ? તેના માતા-પિતા-નગરી અને દાસનું નામ લખો.
(૨) ચિલાતને ઘરમાંથી કેમ કાઢી મૂક્યો ?
(૩) ચોરપલ્લી કેવી હતી ? ક્યાં હતી ? ત્યાં કોણ રહેતું હતું ?
(૪) ધન્ય સાર્થવાહ બહુમૂલ્ય ભેટ લઈને કોની પાસે ગયા ? શા માટે ?
(૫) ધન્ય સાર્થવાહ કોની જેમ શા માટે ઢળી પડ્યા ?
**(૬) નીચેના વાક્યો કોણ કોને કહે છે ?**
૧) સુંસુમા નામની પુત્રી મારી રહેશે. ૨) આપણે કોઈને પણ જીવનથી રહિત ન કરીએ.

**પ્રશ્ન - ૫ : અંતગડ દશાંગ સૂત્રને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૧૦

(૧) દ્વારિકાનો નાશ શા કારણે થશે ?
(૨) કૃષ્ણ વાસુદેવનું મૃત્યુ કેવી રીતે, ક્યાં થશે ?મરીને ક્યાં ઉત્પન્ન થશે ?
(૩) ભગવાને શ્રીકૃષ્ણને આર્ત્તધ્યાન કરવાની કેમ ના પાડી ?
(૪) શ્રીકૃષ્ણએ પદ્માવતીનો દીક્ષા મહોત્સવ કેવી રીતે કર્યો ?
(૫) ત્રણ - ચાર લીટીમાં ઉપસંહાર લખો.

## અથવા

**પ્રશ્ન - ૫ : નિરયાવલિકા સૂત્રના આધારે જવાબ લખો :** ૧૦

(૧) સોમિલ કોણ હતો ? કેવો હતો ? (૨) સોમિલે પ્રવર્જિત થયા પછી કેવા પ્રકારનો અભિગ્રહ ધારણ કરવાનો વિચાર કર્યો ? (૩) સોમિલને મધ્યરાત્રિએ અનિત્ય જાગરણ કરતાં શું વિચાર આવ્યો ? (૪) સોમિલે સુપ્રવજ્યા કરવા માટે શું કર્યું ? અંતે શું કર્યું ? (૫) ત્રણ-ચાર લીટીમાં ઉપસંહાર લખો.

**પ્રશ્ન - ૬ : શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** ૧૫

**(૧) નીચેનામાંથી કોઈ પણ ત્રણ ગાથા પૂર્ણ કરીને ભાવાર્થ લખો :** ૯
**१) कुसग्गे..... (२) पुढवीकाय..... (३) पंचिदियकाय..... (४) धम्मं पि..... (५) अबले.....**

**(૨) નીચેનામાંથી કોઈ પણ છ પ્રશ્નના જવાબ લખો :** ૬
૧) મનુષ્યજીવન કેવી રીતે પડવાનું છે ? ૨) વનસ્પતિકાયમાં જીવ કેટલો કાળ પસાર કરે છે ?
૩) ભગવાન કેટલી વાર ગૌતમને ક્ષણમાત્ર પ્રમાદ ન કરવાનું કહે છે ? (૪) જિન માર્ગ કેવો છે ? તેના પર કેવી રીતે ચાલવું ? ૫) શરીરને કેવા રોગ બળહીન કરશે ?
૬) ભારવાહકને કેમ પસ્તાવું પડે છે ? ૭) સંયમમાં સ્થિર રહેવાથી શું ફાયદો થશે ?

**પ્રશ્ન - ૭ : ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૧૦

(૧) હિયમાન, વર્ધમાન, અવસ્થિતની વ્યાખ્યા લખીને નારકીનો હિય, વર્ધ અને અવ.નો કાળ લખો. ૩
(૨) સાવચય, સોવચય, સાવચય-સોવચય, નિરુવચય-નિરવચય એ ચારેની વ્યાખ્યા સમજણ સહિત લખો. ૪
(૩) ૨૪ દંડકમાં કોને કેટલા અને કયા કયા સંચય હોય ? ૩

**પ્રશ્ન - ૮ : પ્રજ્ઞાપના સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. (કોઈ પણ ચાર)** ૧૦

(૧) ઔદારિક અને કાર્મણ શરીરની વ્યાખ્યા લખો (૨) સ્વામી દ્વાર લખો.
(૩) દરેક શરીરની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ લખો. (૪) દરેક શરીરનું પ્રયોજન શું છે ?
(૫) હુંડ સંસ્થાન અને સમચઉરસ સંસ્થાનમાં કયા કયા શરીર હોય ? (૬) પાંચે શરીરની અવગાહના કેટલી છે ?

**પ્રશ્ન - ૯ : નીચેનામાં ૫૬૩ ભેદમાંથી કેટલા અને કયા કયા ભેદ લાભે ? સમજૂતી સાથે લખો (કોઈ પણ ૧૦)** ૧૦

(૧) અધોલોકમાં કેવળી (૨) વચનયોગી તિર્યંચ (૩) ઊર્ધ્વલોકની દેવી (૪) અપકાયમાં
(૫) બે યોગવાળા તિર્યંચમાં (૬) કેવળીમાં (૭) ગર્ભજ મિશ્ર દૃષ્ટિમાં (૮) ત્રસ તિર્યંચ
(૯) તિર્યંચ પંચેન્દ્રિય (૧૦) એકાંત સમકિતીમાં (૧૧) અધોલોકમાં ગર્ભજમાં
(૧૨) સમ્યગ્ દૃષ્ટિમાં.

''જય જિનેન્દ્ર''